# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : બાળકોનો સર્વાંગી વિકાસ અને પૂર્વપ્રાથમિક શિક્ષણ

**તારીખ : 08-04-2024** **કોર્સ - 01 (A)** **કુલ ગુણ : 35**

**સમય : 10.00 થી 13.00**

---

**પ્રશ્ન - 1 નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો.** **(08)**

1. પરિપક્વતા એટલે શું ?
2. કઈ અવસ્થાને 'પ્રશ્ન પૂછવાની ઉંમર' તરીકે ઓળખવામાં આવે છે ?
3. રસના બે પ્રકારો જણાવો.
4. 'બાલદેવો ભવઃ'ની વિભાવનાને મૂર્તિમંત કરનાર બાળકેળવણીકારનું નામ જણાવો.
5. 'જે એક નિશાળ ખોલે છે તે એક જેલ બંધ કરે છે.' - આ વિખ્યાત વિધાન કોનું છે ?
6. સામાજિકીકરણની વ્યાખ્યા લખો.
7. સંવેગ એટલે શું ?
8. ઓલપોર્ટે આપેલી વ્યક્તિત્વની વ્યાખ્યા જણાવો.

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈ પણ ચાર)** **(08)**

9. વિકાસની પ્રક્રિયાના મૂળભૂત સિદ્ધાંતો ટૂંકમાં જણાવો.
10. મેડમ મોન્ટેસરીએ જણાવેલ ઇન્દ્રિય શિક્ષણના સાધનો કયા કયા છે ?
11. પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ ટૂંકમાં જણાવો.
12. બાળકનું સામાજિકીકરણ રચનાત્મક દિશામાં વિકસાવવા શિક્ષક તરીકે શું કરી શકાય ?
13. ભાષા વિકાસ પર અસર કરતા કોઈ પણ બે પરિબળો વિશે ટૂંકમાં જણાવો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ)** **(09)**

14. વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
15. પૂર્વ પ્રાથમિક કક્ષાના બાળકોના રસના ક્ષેત્રો જણાવો.
16. સામાજિકતાના વિકાસ માટે શાળામાં કેવા કેવા કાર્યક્રમોનું આયોજન કરશો ?
17. પૂર્વ પ્રાથમિક શિક્ષણ એટલે શું ? તેના મુખ્ય ધ્યેયો કયા કયા છે ?

**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **(10)**

18. વિકાસના વિવિધ તબક્કાઓ વિશે વિગતે જણાવો.
19. સામાજિકતાના વિકાસને અસર કરતાં પરિબળો જણાવો.
20. વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો વિગતે જણાવો.



www.ptcsetu.blogspot.com

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : અધ્યેતા અને મૂલ્યાંકન

**તારીખ : 08-04-2024** **કોર્સ - 01 (B)** **કુલ ગુણ : 35**

**સમય : 10.00 થી 13.00**

---

**પ્રશ્ન - 5 નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.** **(08)**

21. માપન એટલે શું ?
22. સહશૈક્ષણિક (સર્વગ્રાહી) મૂલ્યાંકનની વ્યાખ્યા આપો.
23. 'અધ્યેતા સંગ્રહિત પત્રક' એટલે શું ?
24. પ્રવૃત્તિ કરીને ઉત્તર આપવો પડે એવી કસોટીને કઈ કસોટી તરીકે ઓળખવામાં આવે છે ?
25. બ્લુપ્રિન્ટમાં કયા ત્રણ પરિમાણોનો સમાવેશ થાય છે ?
26. વર્ગમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને પહેલું, બીજું, ત્રીજું ............. સ્થાન આપવાની પદ્ધતિને કઈ પદ્ધતિ કહે છે ?
27. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન એ કેવી પ્રક્રિયા છે ?
28. મૂલ્યાંકન પત્રકોની વિગત કોના દ્વારા પ્રકાશિત થાય છે ?

**પ્રશ્ન - 6 માગ્યા મુજબ ઉત્તર આપો. (કોઈ પણ ચાર)** **(08)**

29. સાવધિક મૂલ્યાંકન એટલે શું ? - સમજાવો.
30. તફાવતના ત્રણ ત્રણ મુદ્દાઓ લખો. લેખિત કસોટી અને મૌખિક કસોટી
31. આદર્શ કસોટીની રચના વખતે ધ્યાનમાં રાખવાની છ બાબતો જણાવો.
32. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની આવશ્યકતાઓ જણાવો.
33. અધ્યયન માટેનું મૂલ્યાંકન અને અધ્યયનનું મૂલ્યાંકન સમજાવો.

**પ્રશ્ન - 7 માગ્યા મુજબ ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ)** **(09)**

34. ટૂંકનોંધ લખો : રચનાત્મક મૂલ્યાંકન
35. અધ્યેતાનું સતત મૂલ્યાંકન શા માટે થવું જોઈએ ?
36. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ જણાવો.
37. ટૂંકનોંધ લખો : શિક્ષણ પ્રક્રિયામાં મુલાકાતનું મહત્ત્વ

**પ્રશ્ન - 8 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **(10)**

38. રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓના નામ આપી કોઈ પણ ત્રણ પ્રવિધિ વિશે સમજાવો.
39. ટૂંકજવાબી પ્રશ્નોનો અર્થ આપી તેનુ સ્વરૂપ ઉદાહરણ સાથે સમજાવી ફાયદા અને મર્યાદાઓ જણાવો.
40. મૂલ્યાંકન પ્રક્રિયાના ક્રમિક સોપાનો જણાવી દરેક વિશે ટૂંકમાં સમજાવો.

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : કેળવણી, સમાજ, અભ્યાસ અને અધ્યેતા

**તારીખ : 09-04-2024** **કોર્સ - 02 (A)** **કુલ ગુણ : 35**

**સમય : 10.00 થી 13.00**

---

**પ્રશ્ન - 1 નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (કોઈ પણ આઠ)** **(08)**

1. મહાત્મા ગાંધીજીના મતે કેળવણી એટલે શું ?
2. "ગ્રેજ્યુએટ થઈને કાપડનો વેપાર નીતિથી કરે છે" કેળવણીનાં સંદર્ભમાં વિધાન ખરું કે ખોટું ?
3. How we think અને Interest and effort in education – આ પુસ્તકોમાં કયા શિક્ષણકારનાં શિક્ષણ પદ્ધતિ વિશેના વિચારો અનુબંધિત થયા છે ? તેમનું નામ જણાવો.
4. NCTE નું આખું નામ લખો.
5. તાલુકા સંસાધન કેન્દ્રનું વડું મથક ક્યાં આવેલું હોય છે ?
6. NCERT હેઠળ કેટલી ક્ષેત્રિય કૉલેજો કાર્યરત છે ?
7. અધ્યયનના ત્રણ ક્ષેત્રોનાં નામ જણાવો.
8. જાતને પામવાનો અને જાણવાનો પ્રયાસ એટલે ..................
9. વિવિધ સામાજિક જૂથનું એક ઉદાહરણ આપો.
10. શૈક્ષણિક અનુભવોનું સંગઠન એટલે ..................

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે ચાર)** **(08)**

11. શ્રી ગીજુભાઈ બધેકા શાળામાં કઈ કઈ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવા પર ભાર મૂકે છે ?
12. રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વહીવટ સંસ્થાન વિશે જણાવો.
13. કોઈ પણ વ્યક્તિ પોતાનું આત્મ નિરીક્ષણ શેના આધારે કરી શકે ?
14. NCF - 2005 મુજબ અભ્યાસક્રમ નિર્માણના ચાર નિર્દેશક સિદ્ધાંતો જણાવો.
15. શિક્ષણ રાજકીય બાબતો પર કેવી રીતે અસર કરે છે ? - સમજાવો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે ત્રણ)** **(09)**

16. શ્રી ગીજુભાઈ બધેકાના મતે શાળા કેવી હોવી જોઈએ ?
17. શાળા કક્ષાએ એક શિક્ષક તરીકે બિનસાંપ્રદાયિક વાતાવરણના નિર્માણ માટે તમે કઈ કઈ પ્રવૃત્તિઓનું આયોજન કરશો ?
18. અધ્યેતાઓની સ્વ-ઓળખ વિકસાવવામાં શિક્ષકની ભૂમિકા - નોંધ લખો.
19. જ્ઞાન પ્રત્યે મનનાં વલણો કયા કયા છે તે વિશે સમજાવો.

**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. (ગમે તે બે)** **(10)**

20. ગાંધીજીના શિક્ષણદર્શન મુજબ કેળવણીનાં હેતુઓ વિશે ચર્ચા કરો.
21. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુખ્ય લક્ષણો જણાવો.
22. અધ્યેતાઓને અધ્યયન માટે પ્રેરણા આપવાની કેટલીક રીતો અને ઉપાયો વિશે જણાવો.



www.ptcsetu.blogspot.com

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) -2024

## વિષય : ભારતીય શિક્ષણ દર્શન અને પ્રવર્તમાન ભારતીય સમાજ

તારીખ : 09-04-2024 | કોર્સ - 02 (B) | કુલ ગુણ : 35

સમય : 10.00 થી 13.00

---

**પ્રશ્ન - 5 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈ પણ આઠ)** **(08)**

23. વેદકાળમાં કઈ પદ્ધતિથી શિક્ષણ અપાતું હતું ?
24. નિર્વાણ પ્રાપ્તિ એટલે શું ?
25. ઈસ્લામ ધર્મનો મુખ્ય ઉદ્દેશ કયો હતો ?
26. શાળાની કઈ કઈ બાબતો મુખ્ય શિક્ષક પર નિર્ભર છે ?
27. મુખ્ય શિક્ષકશ્રી એ મધ્યાહન ભોજન યોજના પર કઈ કાળજી લેવાની હોય છે ?
28. શિક્ષણના સમાજશાસ્ત્રને કોની સાથે ગાઢ સંબંધ છે ?
29. અબ્રાહ્મ લિંકને આપેલી લોકશાહીની વ્યાખ્યા લખો.
30. બંધારણ સમિતિમાં ખરડા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
31. બંધારણના આર્ટિકલ - 45 માં કઈ ઘોષણા કરાઈ હતી ?
32. 12 વર્ષના બાળકે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું નથી તો તમે તેને કયા ધોરણમાં પ્રવેશ આપશો ?

**પ્રશ્ન - 6 નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ ચાર)** **(08)**

33. ઉપનયન સંસ્કાર એટલે શું ?
34. 'જેવો મુખ્ય શિક્ષક તેવી શાળા' વિધાનને સ્પષ્ટ કરો.
35. શિક્ષકની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા જણાવો.
36. સામાજિક પરિવર્તનની સંકલ્પના સ્પષ્ટ કરો
37. સ્વતંત્રતા અને સમાનતા વચ્ચે શો ભેદ છે ?

**પ્રશ્ન - 7 નીચેના પ્રશ્નોના વિગતે જવાબ લખો. (કોઈ પણ ત્રણ)** **(09)**

38. નવી શિક્ષણનીતિ-1986 વિશે લખો.
39. શિક્ષણના કાર્યકૌશલ્યના ક્ષેત્રો જણાવો.
40. શિક્ષણના સમાજશાસ્ત્રની સંકલ્પના જણાવો.
41. માનવ અધિકારોનું શિક્ષણ એટલે શું ?

**પ્રશ્ન - 8 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈ પણ બે)** **(10)**

42. મુખ્ય શિક્ષકની શૈક્ષણિક અને વહીવટી ફરજો જણાવો.
43. 'શિક્ષક અને સામાજિક પરિવર્તન' - શૈક્ષણિક ફલિતાર્થો જણાવો.
44. સ્ત્રી શિક્ષણ માટે શિક્ષક શું કરી શકે ? તમારી દષ્ટિએ મૂલવણી કરો.

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : અભ્યાસક્રમ અને વર્ગવ્યવહાર

**તારીખ : 12-04-2024** **કોર્સ - 03** **કુલ ગુણ : 70**

**સમય : 10.00 થી 13.00**

---

**પ્રશ્ન - 1 અતિ ટૂંકમાં જવાબ આપો.** **(16)**

1. IASE નું પૂરું નામ લખો.
2. માઇક્રોટીચિંગની સૌ પ્રથમ વાત કોણે કરી હતી ?
3. સ્વયં શિક્ષણની વધુ તક વર્ગખંડની કયા પ્રકારની આંતરક્રિયાથી મળે છે ?
4. શરીરનાં અંગોનાં કાર્યો વિશે શીખવવા માટે કયું ગીત ગવડાવી શકાય ?
5. "વિદ્યાર્થીનો જવાબ અક્ષરશઃ કા.પા. પર લખવો" આ કયા પ્રકારનો સુદૃઢક છે ?
6. અધ્યાપન સૂત્રોની વાત સૌ પ્રથમ હર્બર્ટ સ્પેન્સરે તેમના કયા પુસ્તકમાં કરી હતી ?
7. પૂર્વજ્ઞાનનું મહત્ત્વ કયા અધ્યાપન સૂત્રમાં સ્વીકારવામાં આવ્યું છે ?
8. આપેલ પૈકી અમૂર્તનું ઉદાહરણ કયું છે ? (પ્રેમ, પાણી, પ્રકાશ)
9. વર્ગખંડમાં શ્યામફલકના સ્થાને કયા બોર્ડે સ્થાન લીધુ છે ?
10. શાળા બિલ્ડીંગ માટે કયા કયા આકારો પ્રચલિત છે ?
11. RTE નું પૂરું નામ લખો.
12. ધોરણ 1-2 માં પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી શિક્ષણ પ્રક્રિયા કયા વર્ષથી અમલમાં આવી છે ?
13. સોમવારથી શુક્રવાર ધોરણ 1 થી 5 માં ઓછામાં ઓછું કેટલા કલાક શૈક્ષણિક વર્ગ કાર્ય કરાવવું જોઈએ ?
14. શાળામાં બૌદ્ધિક પ્રવૃત્તિ માટેનું કેન્દ્ર બિંદુ કયો ખંડ (room) છે ?
15. પુસ્તકાલય પર સવિશેષ ભાર કયું શિક્ષણપંચ મૂકે છે ?
16. દર્શક કોનું ઉપનામ છે ?

**પ્રશ્ન - 2 ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ આઠ)** **(16)**

17. શિક્ષણ વ્યવહારની લાક્ષણિકતાઓ જણાવો.
18. માઇક્રોટીચિંગના સોપાનો જણાવો.
19. વર્ગખંડમાં કયા ત્રણ પ્રકારની આંતરક્રિયા થાય છે ?
20. અધ્યાપન સૂત્રોનો અર્થ જણાવો.
21. કેળવણીની સમગ્ર પ્રક્રિયામાં પાયાના ત્રણ પ્રશ્નો કયા કયા છે ?
22. કોઈ પણ ચાર બાળ કેળવણીકારોનાં નામ લખો.
23. વર્ગવ્યવહારને અસર કરતાં મુખ્ય બે પરીબળો જણાવો.
24. ટૂંકમાં સમજાવો : ઇ-બુક લાઇબ્રેરી
25. બિન માર્ગદર્શિત પુસ્તકોની ઉપયોગિતાના ચાર મુદ્દા લખો.
26. પુસ્તકાલયનું મહત્ત્વ દર્શાવતા ચાર સૂત્રો લખો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (કોઈ પણ છ)** **(18)**

27. કા.પા. કાર્ય કૌશલ્ય એટલે શું ? તેનું મહત્ત્વ જણાવો.
28. વર્ગવ્યવહારને અસરકારક બનાવવા શિક્ષક તરીકે તમે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?
29. સારા ઉદાહરણના ત્રણ લક્ષણો વર્ણવો.
30. અધ્યાપન પ્રવિધિઓ જણાવી. કોઈ પણ બે વર્ણવો.
31. જૂથ સહાયક અધ્યયનના હેતુઓ જણાવો.
32. સપ્તરંગી પ્રવૃત્તિઓ કરાવતી વખતે શિક્ષકે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
33. બાળકેન્દ્રી અધ્યયનની ત્રણ પ્રવૃત્તિઓ સમજાવો.
34. દશ્ય-શ્રાવ્ય માધ્યમની વિદ્યાર્થી પર થતી અસરો જણાવો.

**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (કોઈ પણ ચાર)** **(20)**

35. નેડ્ ફ્લેન્ડર્સના વર્ગવ્યવહારના ઘટકો વર્ણવો.
36. ઉત્તેજના પરીવર્તન કૌશલ્યના ઘટકો જણાવી વર્ણવો.
37. અધ્યાપન સૂત્રો જણાવી કોઈ પણ બેની ઉદાહરણ સહ સમજ આપો.
38. અધ્યયનના સાધન તરીકે વિવિધ પ્રયોગશાળાઓ જણાવી કોઈ પણ બે વર્ણવો.
39. પ્રવર્તમાન શિક્ષણમાં ICT ની ભૂમિકા સ્પષ્ટ કરો.

www.ptcsetu.blogspot.com

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : ગુજરાતીમાં પ્રાવિણ્ય (સજ્જતા)

**તારીખ : 13-04-2024** **કોર્સ - 04 (A)** **કુલ ગુણ : 35**

**સમય : 10.00 થી 13.00**

---

**પ્રશ્ન - 1 નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **(08)**

1. શબ્દ એટલે શું ?
2. યુનેસ્કોએ વિશ્વ કક્ષાએ કઈ તારીખે માતૃભાષા દિન ઉજવણીની જાહેરાત કરી હતી ?
3. મધ્યકાલીન સાહિત્યના છેલ્લા કવિ કોણ છે ?
4. 'મૈત્રી એ વાર્તા કહી' (પ્રેરક વાક્યમાં ફેરવો)
5. 'ગુજરાતી ભાષા' શબ્દ પ્રયોગ સૌથી પ્રથમ કોણે કર્યો ?
6. ક્રિયા વિશેષણ કોને કહે છે ?
7. મૌખિક આભિવ્યક્તિની સંકલ્પના જણાવો.
8. 'તણખામંડળ' વાર્તાસંગ્રહના લેખક કોણ છે ?

**પ્રશ્ન - 2 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈ પણ ચાર)** **(08)**

9. અર્વાચીન સાહિત્યની ચાર વિશેષતાઓ જણાવો.
10. સર્જનાત્મકતાના વિકાસ માટેની પ્રવૃત્તિઓ જણાવો.
11. શબ્દકોશના ઉપયોગની રીત જણાવો.
12. સંજ્ઞા એટલે શું ? જણાવી તેના પ્રકારોની યાદી બનાવો.
13. માતાનો દૂધ સાથે મળતી ભાષાને માતૃભાષા શા માટે કહે છે ?

**પ્રશ્ન - 3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ)** **(9)**

14. મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપ વિશે જણાવી ભજન સાહિત્ય સ્વરૂપ વિશે સમજાવો.
15. વિશેષણ એટલે શું ? તેના પ્રકારો વિશે સમજાવો.
16. માતૃભાષાના સંવર્ધન માટે શાળા કક્ષાએ કયા કાર્યક્રમો હાથ ધરી શકાય ?
17. મુખવાચન અને મુકવાચનની ભેદરેખા સ્પષ્ટ કરો.

**પ્રશ્ન - 4 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **(10)**

18. અર્વાચીન ગુજરાતી સાહિત્યના ગદ્ય સ્વરૂપોની વિસ્તૃત સમજ આપો.
19. "માતૃભાષા અન્ય વિષય સાથે પણ અનુબંધ ધરાવે છે." - વિસ્તૃત ચર્ચા કરો.
20. શ્રવણ કૌશલ્ય એટલે શું ? શ્રવણ કૌશલ્ય ખીલવણી માટે ધ્યાનમાં રાખવાની બાબતો તેમજ તેને વિકસાવવાની પ્રવૃત્તિઓ જણાવો.

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : અંગ્રેજીમાં પ્રાવિણ્ય (સજ્જતા)

**તારીખ : 13-04-2024** **કોર્સ - 04 (B)** **કુલ ગુણ : 35**

**સમય : 10.00 થી 13.00**

---

**Q. - 1 Answer the following questions in one sentence each** **(08)**
**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1. What is the meaning of international language ? (આંતરરાષ્ટ્રીય ભાષાનો અર્થ શું છે ?)
2. What is report writing ? (અહેવાલ લેખન એટલે શું ?)
3. What is the meaning of listening ? (શ્રવણનો અર્થ આપો.)
4. What is vowel ? (સ્વર એટલે શું ?)
5. Mention the types of writing. (લેખનના પ્રકાર જણાવો.)
6. What is the Transcription ? (અનુલેખનનો અર્થ આપો.)
7. Give the name of the basic skills of English language teaching. (અંગ્રેજી ભાષા શિક્ષણના પાયાના કૌશલ્યના નામ જણાવો.)
8. What is dictation ? (શ્રુતલેખન એટલે શું ?)

**Q. - 2 Answer the following questions in short. (any four)** **(08)**
**નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. (કોઈ પણ ચાર)**

1. What is the concept of speaking skill ? (કથન કૌશલ્યની સંકલ્પના જણાવો.)
2. Give the types of creative writing. (સર્જનાત્મક લેખનના પ્રકારો જણાવો.)
3. What is the concept of International language ? (આંતરરાષ્ટ્રીય ભાષાની સંકલ્પના જણાવો.)
4. Explain the process of reading. (વાંચનની પ્રક્રિયા સમજાવો.)
5. Which are the productive and receptive skills? (અભિવ્યક્તિલક્ષી અને અર્થગ્રહણલક્ષી કૌશલ્યો કયા કયા છે ?)

**Q. - 3 Answer the following questions. (Any three)** **(09)**
**નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઈ પણ ત્રણ)**

1. Explain the types of Writing. (લેખનના પ્રકારો સમજાવો.)
2. Which body organs are involved in pronunciation ? (ઉચ્ચારણમાં શરીરના કયા ભાગોનો ઉપયોગ થાય છે ?)
3. Which things should be kept in mind during essay writing ? (નિબંધલેખન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો.)
4. Explain the main types of reading. (વાંચનના પ્રકારો સમજાવો.)

**Q. - 4 Answer the following question in detail. (any two)** **(10)**
**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ સવિસ્તાર જવાબ આપો. (કોઈ પણ બે)**

1. Explain the importance of English language. (અંગ્રેજી ભાષાનું મહત્ત્વ સમજાવો.)
2. What is the language game ? Explain any one. (ભાષા રમત એટલે શું ? કોઈ પણ એક વિશે સમજાવો.)
3. xyz, 250 Ganesh Society, Harni road, Vadodara, writes an application for the post of a teacher to the principal, Adarsh Vidyalaya, xyz city.
   (xyz, 250 ગણેશ સોસાયટી, હરણી રોડ, વડોદરાથી આદર્શ વિદ્યાલય, xyz શહેરને શિક્ષણની જગ્યા માટે અરજી લખે છે. અંગ્રેજીમાં અરજી લેખન કરો.)

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

**વિષય : ગુજરાતી (H.L.)**

**તારીખ : 15-04-2024** | **કોર્સ - 05 (A)** | **કુલ ગુણ : 35**

**સમય : 10.00 થી 13.00** | **ધોરણ : 1 થી 5**

---

**પ્રશ્ન - 1 નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં જવાબ લખો.** **(08)**

1. તાર્કિક ચિંતન એટલે શું ?
2. વિકાસાત્મક આવર્તનનો અર્થ જણાવો.
3. કૂકડીને કઈ વાતનું દુઃખ હતું ?
4. પોતે ઊછરેલા બકરાનું સિંહણે શું નામ પાડ્યું ?
5. દાદા-દાદી પોતાના બાળપણમાં કઈ દેશી રમતો રમતા ?
6. હોડીની દ્વિતીય વાર્ષિક હરીફાઈ કયા સ્થળે યોજવામાં આવી હતી ?
7. નર રીંછ પહેલવાનને કોની ઉપર સખત નફરત હોય છે ?
8. શૂર્પણખા સીતાને કેમ મારી નાખવા માગતી હતી ?

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ ચાર)** **(08)**

9. વિચાર વિસ્તાર એટલે શું ?
10. વ્યાવહારિક વ્યાકરણની સંકલ્પના સ્પષ્ટ કરો.
11. 'કવિતા એ કાનની કળા છે.' ઉદાહરણ સહિત સમજાવો.
12. પ્લેટ બોર્ડની મદદથી વ્યાકરણ કેવી રીતે શીખવી શકાય ?
13. સારા નિબંધલેખનના લક્ષણો જણાવો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈ પણ ત્રણ)** **(09)**

14. બોધરાજે કાબરનાં બચ્ચાં કઈ રીતે બચાવ્યાં ?
15. સામા પટેલને વૃક્ષો રોપવામાં શી તકલીફો પડી ?
16. છોકરાને કઈ કઈ બાબતનું અચરજ થાય છે ?
17. 'ચાલાક ટૉમ' વિશે પાંચ-સાત વાક્યો લખો.

**પ્રશ્ન - 4 માગ્યા મુજબ સવિસ્તાર ઉત્તર લખો.** **(10)**

18. કોઈ એક નિબંધ લખો.

    (1) વ્યક્તિ ઘડતરમાં શિક્ષણનું મહત્ત્વ (2) શાળામાં પુસ્તકાલયનું મહત્ત્વ

    (3) આધુનિક યુગનું મહાદૂષણ : પ્રદૂષણ

**અથવા**

18. નીચે આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો.

    એક રાજા – નગરચર્યા માટે નીકળવું – રસ્તા વચ્ચે પથ્થર – રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને એક સોનામહોર મૂકવી – ખેડૂતનું ત્યાંથી પસાર થવું – અથડાવું – ચાલ્યા જવું – ઘોડાગાડીવાળાનું પસાર થવું – અથડાવું – બબડાટ કરી ચાલ્યા જવું – દૂધવાળીનું અથડાવું – બબડાટ કરી ચાલ્યા જવું – એક વિદ્યાર્થીનું પસાર થવું – પથ્થર ખસેડવો – ચિઠ્ઠી અને સોનામહોર જોવી – ચિઠ્ઠી વાંચવી – 'પથ્થર ખસેડવાનું ઇનામ' – બોધ.

19. ગદ્ય શિક્ષણની પદ્ધતિઓના નામ જણાવી નાટ્યીકરણ પદ્ધતિ સવિસ્તાર સમજાવો.



www.ptcsetu.blogspot.com

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : પર્યાવરણ અભ્યાસ

| | | |
|---|---|---|
| તારીખ : 15-04-2024 | કોર્સ - 05 (B) | કુલ ગુણ : 35 |
| સમય : 10.00 થી 13.00 | ધોરણ : 1 થી 5 | |

**પ્રશ્ન - 5 નીચે આપેલા પ્રશ્નોના એક બે વાક્યમાં ઉત્તર લખો.** **(08)**

20. જહોન ડ્યુઈએ બાળકને કેવી પરિસ્થિતિમાં શિક્ષણ આપવાની હિમાયત કરી હતી ?
21. પશ્મીના સાલ કયા સ્થળે બનાવવામાં આવે છે ?
22. શિક્ષણના ઘટકો કયા કયા છે ?
23. કયા પ્રાણીના કાનનો આકાર પર્ણ જેવો હોય છે ?
24. સરિતા ગાયકવાડ ગુજરાતના કયા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર છે ?
25. કયું પ્રાણી રાત્રે આપણા કરતાં છ ગણું જોઈ શકે છે ?
26. રસોડામાં મસાલા તરીકે વપરાતા બીજ કયા કયા છે ?
27. આંતર દેશી કવર સ્ટેમ્પ કઈ ઓફિસમાંથી મેળવી શકાય છે ?

**પ્રશ્ન - 6 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈ પણ ચાર)** **(08)**

28. પર્વતીય વિસ્તારમાં ઘરો પથ્થર અને લાકડાના બનેલા હોય છે. શા માટે ?
29. ખેતર ખેડવા માટે કયા કયા સાધનોનો ઉપયોગ થાય છે ?
30. લીસા અને ખરબચડી સપાટીવાળા બીજ કયા કયા છે ?
31. કાન ન દેખાય તેવા પ્રાણીઓના નામ જણાવો.
32. ખડકો પર ચઢતી વખતે કઈ કઈ વસ્તુઓ સાથે રાખવી જોઈએ ?

**પ્રશ્ન - 7 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગે તે ત્રણ)** **(09)**

33. પર્યાવરણ શિક્ષણ એ સામાજિક વિજ્ઞાન તરીકે ટૂંકમાં સમજાવો.
34. પટોળા બનાવવાની રીત ટૂંકમાં લખો.
35. વર્ગખંડ પ્રત્યાયન માટે બાળકોના વિચારોનો અમલીકરણ ટૂંકમાં જણાવો.
36. ઔપચારિક મૂલ્યાંકન અને અનૌપચારિક મૂલ્યાંકન વિશે પર્યાવરણ વિષય સંબંધિત ટૂંકમાં માહિતી આપો.

**પ્રશ્ન - 8 નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** **(10)**

37. આપત્તિ વ્યવસ્થાપનની સંકલ્પના આપી. આપત્તિ વ્યવસ્થાપનની અગત્યતા સમજાવો.
38. પર્યાવરણ અંતર્ગત સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન વિગતે સમજાવો.
39. પર્યાવરણ વિષયના પાઠ આયોજન માટે ધ્યાનમાં રાખવાની બાબતો સવિસ્તૃત વર્ણવો.

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : ગણિત શિક્ષણ

**તારીખ : 16-04-2024** | **કોર્સ - 06** | **કુલ ગુણ : 70**

**સમય : 10.00 થી 13.00** | **ધોરણ : 1 થી 5**


---

**પ્રશ્ન - 1 નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** **(16)**

1. ‘અનીશા બજારમાંથી કરિયાણું બરાબર હિસાબ કરીને લાવે છે ?’ તેમાં કયા કૌશલ્યનો વિકાસ થાય છે ?
2. ક્ષેત્રફળ એટલે શું ?
3. અર્ધમૂર્ત સામગ્રીનું એક ઉદાહરણ આપો.
4. સાઇકલમાં એક કલાકમાં અંદાજે 6 KM જેટલું અંતર કપાય છે. તો 9 KM અંતર કાપવા માટે અંદાજે કેટલો સમય લાગે ?
5. મિતલ ઘડિયાળ બતાવીને કોમલને કહે છે કે સાંજના 6 વાગ્યા છે, તો ઘડિયાળમાં કેટલા અંશનો ખૂણો બન્યો હશે ?
6. 24ના અવયવને વૃક્ષ ચાર્ટ સ્વરૂપે દર્શાવો.
7. 0.10 બરાબર 0.1 થાય. સાચું કે ખોટું ?
8. 15 લિટર એટલે કેટલા મિલિલિટર ?
9. 10 વખત એક લાખ એટલે કેટલા રૂપિયા થાય ?
10. સવારે ઊગતો સૂર્ય જોતા સમયે તમારી ડાબી બાજુએ કઈ દિશા આવશે ?
11. અહીં દરેક મૂળાક્ષર a, b, c, d કોઈ એક સંખ્યા સૂચવે છે.

```
    aaa
      •
    aaa
  -------
    aaa
   aaaa
  aaa00
  -------
  abcba
```

અહીં a = 1 લેતા b અને c શું મળે તે શોધો.

12. અંગ્રેજી મૂળાક્ષરના પ્રથમ નવ અક્ષરોમાંથી કેટલા અક્ષરોમાં $90^0$નો ખૂણો બને છે ?
13.  આપેલ આકૃતિને $^1/_2$ ફેરવતા કેવી દેખાશે તે દોરો.
14. 1 સિક્કાનું વજન 5gm છે તો 2200gm વજનમાં કેટલા સિક્કા હશે ?
15. એક શહેરની વસ્તી 6 લાખ છે. તેમાં સ્ત્રી અને પુરુષનું પ્રમાણ સમાન છે. તો શહેરમાં સ્ત્રીઓની સંખ્યા કેટલી ?

    (a) 30,00,000 (b) 3,00,000 (c) 3,00,000,00 (d) 30,000
16. 1, 1, 2, 3, 5 ............................ .

**પ્રશ્ન - 2 માંગ્યા મુજબ ઉત્તર લખો. (ગમે તે આઠ)** **(16)**

17. ગણિતના સૌંદર્ય વિશે લખો.



www.ptcsetu.blogspot.com

18. જિનપિયાજેના મતે જ્ઞાનના બે સ્વરૂપો જણાવી તેના ઉદાહરણ આપો.

19. મૂલ્યાંકનના ચાર હેતુઓ જણાવો.


20. વિદ્યાર્થીઓ ગુણાકાર કરતી વખતે કઈ કઈ ભૂલો કરે છે ?

21. (1) એક કિલો ચોખાનો ભાવ 40 રૂા. હોય તો સાડા ત્રણ કિલો ચોખાના કેટલા રૂપિયા થાય ?
(2) એક કિલો ઘઉંનો બાવ 30 રૂા. હોય તો સવા ચાર કિલો ઘઉંના કેટલા રૂપિયા થાય ?

22. 1 લિટર પેટ્રોલની કિંમત 72 રૂા. છે તો $2\ ^1/_2$ લિટર પેટ્રોલના કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

23. હું 90 ના અડધા કરતા મોટો છું. 40 અને 50 ની વચ્ચે છું. મારાં બંને અંકોનો સરવાળો 13 થાય છે. બોલો હું કોણ ?


24. આપેલ આલેખ પરથી નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.




(1) તમામ વિદ્યાર્થીઓને તેમને મેળવેલ ગુણના આધારે ચડતાક્રમમાં ગોઠવતા મહેન્દ્ર કયા ક્રમે આવે ?

(2) અલીશા કરતા વધારે ગુણ કોણે - કોણે મેળવેલ છે ?


25. આકૃતિ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.




(1) કઈ આકૃતિના ક્ષેત્રફળ સમાન છે ?

(2) કઈ આકૃતિનું ક્ષેત્રફળ સૌથી વધુ છે ?

26. નીચે આપેલી આકૃતિના આધારે પ્રશ્નોના જવાબ લખો.



(1) આપેલ આકૃતિમાંથી સમઘન બનાવતા અંક 2 ની સામે કયો અંક આવે ?

(2) આપેલ આકૃતિમાંથી સમઘન બનાવતા 6ની સામે કયો અંક આવે ?


**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. (ગમે તે છ)** **(18)**

27. આગમન અને નિગમન પદ્ધતિ વચ્ચેનો તફાવત જણાવો.

28. જુદા જુદા નિયમિત ઘનાકારોની આકૃતિ દોરી નામ લખો.

29. અર્થપૂર્ણ અધ્યયન અને શોધપૂર્ણ અધ્યયન થઈ શકે તેવા ગણિતના ઉદાહરણ આપો.

30. 1 થી 40 સુધીની સંખ્યાઓમાંથી 5 અને 7 ની ગુણક હોય તેવી સંખ્યા વર્તુળમાં લખો.




(1) શું બંનેમાં કોઈ સંખ્યા સમાન છે ? કઈ કઈ ?

(2) બંનેમાં આવતી હોય તેવી સંખ્યાને તમે ક્યાં લખશો.

31. આપેલી વિગતને આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.




ફ્રોક

રૂા. 520



શર્ટ

રૂા. 260



પેન્ટ

રૂા. 610

(1) બે પેન્ટ અને ત્રણ શર્ટની કિંમત કેટલી થાય ?

(2) 1500 રૂપિયા વધુમાં વધુ કેટલા પેન્ટ ખરીદી શકાય ?

(3) તમે એક ફ્રોકના બદલામાં કઈ બે વસ્તુ ખરીદી શકશો ?

32. ત્રણ ઘંટડીઓ 10, 12 અને 15 મિનીટના અંતરાલમાં વાગે છે જો ત્રણેય ઘંટડીઓ 12 કલાકે વાગે તો ફરીથી બીજી વાર ત્રણેય ઘંટડીઓ એક સાથે કયા સમયે વાગશે ?


33. રઝીયાએ રૂા. 500ના છુટા જોઈએ છે. તો તેને નીચે મુજબની કેટલી ચલણી નોટો પાછી મળશે ?

(1) રૂા. 100 ની બધી નોટ હોય તો : ...............

(2) રૂા. 50 ની બધી નોટ હોય તો : ...............

(3) રૂા. 20 ની બધી નોટ હોય તો : ...............

34. નીચે આપેલા આકારમાં 1 સેમી માપના કેટલા સમઘન વપરાયા છે. ગણતરી કરી જણાવો.




**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. (ગમે તે પાંચ)** **(20)**

35. ગણિત શિક્ષણની પ્રયુક્તિઓના નામ જણાવી મૌખિક કાર્ય પ્રયુક્તિ ઉદાહરણ સહીત સમજાવો.

36. બે અથવા ત્રણ ગાણિતિક પ્રક્રિયાનો સમાવેશ થતો હોય તેવા બે કોયડાની રચના કરી તેના ઉકેલ માટેના સોપાનો જણાવો.

37. વરણી પ્રકારના પ્રશ્નોના પેટાપ્રકારના બે - બે ઉદાહરણ આપી સમજાવો.

38. આપેલ ચોરસ મેદાનમાં સુશોભન માટે અમુક ભાગમાં લોન ઉગાડેલ છે. તો લોનવાળા ભાગનું ક્ષેત્રફળ અને પરિમિતિ કેટલી થશે ? (ઘાટો ભાગ એ લોન દર્શાવે છે.)




39. ગુજરાતના મુખ્ય 5 શહેરોમાં જાન્યુઆરી 2018ના કોઈ એક દિવસના તાપમાન નોંધવામાં આવ્યા હતા તે કોષ્ટકમાં જુઓ અને પ્રશ્નોના જવાબ આપો.

| શહેર | મહત્તમ તાપમાન | લઘુત્તમ તાપમાન |
|---|---|---|
| સુરત | $34.5^0C$ | $21.6^0C$ |
| ભુજ | $30^0C$ | $18.1^0C$ |
| ડીસા | $28.8^0C$ | $17.8^0C$ |
| પાટણ | $36.1^0C$ | $19.8^0C$ |
| રાજકોટ | $32.5^0C$ | $21.1^0C$ |

(1) કયાં શહેરનું મહત્તમ તાપમાન સૌથી વધારે હતું.
(2) પાટણ અને ભુજના લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત કેટલો છે ?
(3) સુરત કરતા ડીસાનું લઘુત્તમ તાપમાન કેટલું ઓછું હતું ?
(4) રાજકોટનું મહત્તમ તાપમાન $40^0C$ સુધી પહોચે તે માટે તાપમાનમાં કેટલા ડીગ્રીનો વધારો જરૂરી હતો.

40. અસ્મીતા આંબલીના 12 કચૂકાનો અલગ અલગ લંબચોરસમાં કેટલી રીતે ગોઠવી શકાય. આકૃતિ દોરી સમજાવો.



www.ptcsetu.blogspot.com

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયનનું સમૃદ્ધિકરણ-1

**તારીખ : 18-04-2024** **કોર્સ : 07** **કુલ ગુણ : 50**

**સમય : 10.00 થી 12.00**

---

**પ્રશ્ન - 1 (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.** **(05)**

1. તંત્ર અભિગમ એટલે શું ?
2. માહિતીનો અર્થ આપો.
3. શાબ્દિક પ્રત્યાયન એટલે શું ?
4. ઇ-કન્ટેન્ટની વ્યાખ્યા આપો.
5. સોશિયલ મીડિયાની વ્યાખ્યા લખો.

**પ્રશ્ન - 1 (બ) પૂરું નામ લખો.** **(04)**

6. IGNOU
7. GROWER
8. GIET
9. NLP

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(10)**

10. શૈક્ષણિક પ્રૌદ્યોગિકી કોઈપણ ચાર લાક્ષણિકતાઓ લખો.
11. લેખિત પ્રત્યાયન અને મૌખિક પ્રત્યાયન એટલે શું ?
12. ICT in Education ના ફાયદા લખો.
13. ઇ-કન્ટેન્ટના લક્ષણો જણાવો.
14. મુક્ત શૈક્ષણિક સ્ત્રોત (OER)ની સંકલ્પના સમજાવો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** **(09)**

15. બહુ માધ્યમ અભિગમ એટલે શું ? ઉદાહરણ સાથે સમજાવો.
16. NROER-નું શિક્ષણમાં મહત્ત્વ સમજાવો.
17. ઇ-કન્ટેન્ટના સ્વરૂપોનું વર્ગીકરણ લખો.

**અથવા**

17. ઇ-કન્ટેન્ટ નિર્માણની સમજુતી આપો.

**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **(12)**

18. પ્રત્યાયનના અવરોધોનું તેની લાક્ષણિકતાના આધારે વર્ગીકૃત કરી સમજ આપો.

**અથવા**

18. પ્રત્યાયન પ્રક્રિયા એટલે શું ? પ્રત્યાયનની જરૂરિયાત સમજાવો.
19. વર્ચ્યુઅલ રિઆલીટીના પ્રકારો વિશે વિસ્તૃત ચર્ચા કરો.
20. માહિતી ટેક્નોલૉજીની જરૂરિયાત સમજાવી શિક્ષણ ક્ષેત્રે ઉપયોગ સમજાવો.

**પ્રશ્ન - 5 નીચેના પ્રશ્નોનું સવિસ્તાર વિવરણ કરો.** **(10)**

21. રોજિંદા જીવનમાં ઉપયોગમાં આવતા આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ સમજાવો.
22. સોશિયલ મીડીયાની શિક્ષણમાં ભૂમિકા સમજાવો.

**અથવા**

22. સોશિયલ મીડીયાના ફાયદા સમજાવો.

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) - 2024

## વિષય : બાળકોનું શારીરિક અને સાંવેગીક સ્વાસ્થ્ય અને શિક્ષણ (1)

**તારીખ : 19-04-2024** **કોર્સ - 08** **કુલ ગુણ: 50**

**સમય : 10.00 થી 12.00**

---

**પ્રશ્ન - 1 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.** **(05)**

1. સ્વાસ્થ્યની વ્યાખ્યા લખો.
2. મેઘ ધનુષ્યની માફક સ્વાસ્થ્યના કેટલા સ્તર છે ?
3. દૂધ સંજીવની યોજના ક્યારથી અમલમાં આવી ?
4. ખોરાકના મુખ્ય જૈવિક ઘટકો કેટલા છે ?
5. ધાત્રી માતાએ આહારમાં કયા વિટામીનનો ભરપુર ઉપયોગ કરવો જોઈએ ?

**પ્રશ્ન - 1 (બ) ખાલી જગ્યા પૂરો.** **(04)**

6. કુપોષણના મુખ્ય ................ પ્રકાર છે.
7. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનોવાસ છે એવું ................ મનોવૈજ્ઞાનિક જણાવે છે.
8. વિટામીન-B ની ઊણપથી ................ રોગ થાય છે.
9. ગુજરાતમાં મધ્યાહ્ન ભોજન યોજનાની શરૂઆત ઈ.સ. ................ થઈ ?

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** **(10)**

10. સ્વાસ્થ્ય માટે ચરકે આપેલી સોનેરી સૂચનાઓ લખો.
11. મનોવિકૃતિના પ્રકાર જણાવો.
12. ખુંધ સુધારણા માટેની કસરતો જણાવો.
13. પાણીની જરૂરિયાત જણાવો.
14. અંગ વિન્યાસનો અર્થ આપો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(09)**

15. સામાજિક પરિબળ વ્યક્તિના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે ?
16. સ્વાસ્થ્ય અને સ્વસ્થતા માટે શિક્ષકની ભૂમિકા ?
17. કુપોષણના પ્રકાર સમજાવો.

**અથવા**

17. મધ્યાહ્ન ભોજન યોજનાના હેતુઓ જણાવો ?

**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **(12)**

18. સ્વાસ્થ્યની અગત્યતા સમજાવો ?

**અથવા**

18. કુપોષણથી થતા રોગો નિવારવાના ઉપાયો જણાવો.
19. રમતો સંદર્ભે શિક્ષકની ભૂમિકા જણાવો.
20. વિકૃત અંગ ઢંગના કારણો જણાવો.

**પ્રશ્ન - 5 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** **(10)**

21. રાષ્ટ્રીય પોષણ કાર્યક્રમો વિશે સમજાવો.

**અથવા**

21. શાળા કક્ષાએ સ્વચ્છતા કેવી રીતે કરવામાં આવે છે સમજાવો.
22. મધ્યાહ્ન ભોજન યોજનાના તંત્રો સમજાવો.



www.ptcsetu.blogspot.com

# ડી.એલ.એડ. (પ્રથમ વર્ષ) -2024

## વિષય : સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ, હસ્ત કલાઓ અને મૂલ્યાંકન - 1

તારીખ : 20-04-2024 | કોર્સ : 09 | કુલ ગુણ : 50

સમય : 10.00 થી 12.00

---

**પ્રશ્ન - 1 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.** (05)

1. પ્રથમ શ્રેણીના રંગો કયા કયા છે ?
2. ચતુર્વિધ અભિનયના નામ લખો.
3. ભાતચિત્રના કોઈ બે પ્રકારો જણાવો.
4. કયું નૃત્ય સ્ત્રીના સૌંદર્યની બાબતોને વર્ણવે છે ?
5. વમયયુક્ત રેખા કયા ભાવો દર્શાવે છે ?

**પ્રશ્ન - 1 (બ) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.** (04)

6. હિંસા, ક્રોધ અને ઉગ્રતા દર્શાવવા ..................... રંગ વપરાય છે.
7. નાટક શબ્દ ..................... ધાતુમાંથી ઉત્પન્ન થયો છે.
8. ચિત્રના સર્જનમાં ..................... મહત્ત્વનું અંગ છે.
9. નૃત્ય એટલે ..................... અને ..................... નો સંગમ.

**પરશ્ન - 2 નીચેના પ્રશ્નો ટૂંકમાં જવાબ આપો.** (10)

10. કેલિગ્રાફિની ટૂંકમાં સમજ આપો.
11. નાટ્યકલાના કોઈપણ ચાર હેતુઓ લખો.
12. ગુણક રેખાઓ અને ત્રુટક રેખાઓ સચિત્ર સમજાવો.
13. નાટ્ય એટલે શું ? ટૂંકમાં સમજાવો.
14. કથ્થક નૃત્ય વિશે ટૂંકમાં લખો.

**પ્રશ્ન - 3 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** (09)

15. ચિત્રકલાના કોઈપણ ત્રણ હેતુઓ સમજાવો.
16. હસ્તકલા દ્વારા કયા કયા કૌશલ્યોનો વિકાસ થાય છે ?
17. શિક્ષણમાં અભિનય ગીતનું મહત્ત્વ સમજાવો.

**અથવા**

17. સંગીતનાં અંતર્ગત શ્રવણ, ગાયન અને વાદન સમજાવો.

**પ્રશ્ન - 4 નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.** (12)

18. ચિત્રકલા અંતર્ગત છાયાપ્રકાશ અને પ્રકૃતિચિત્ર સમજાવો.
19. હસ્તકલાની ઐતિહાસિક ભૂમિકા જણાવી હસ્તકલાના હેતુઓ જણાવો.
20. બાળનાટક અંતર્ગત કોઈપણ ચાર મુદ્દાઓની ચર્ચા કરો.

**અથવા**

20. નૃત્યને એક કલા તરીકે તમારા શબ્દોમાં વર્ણવો.

**પ્રશ્ન - 5 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.** (10)

21. પ્રાથમિક શિક્ષણમાં ચિત્રકલાના મહત્ત્વને તમારા શબ્દોમાં ચર્ચો.
22. નાટક એટલે શું તે જણાવી નાટકનું સાહિત્ય સ્વરૂપ ચર્ચો.

**અથવા**

22. ગીતના વિવિધ પ્રકારો પૈકી કોઈપણ પાંચની ચર્ચા કરો.



www.ptcsetu.blogspot.com